# મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ

ફોજદારી કેસ નંબર :– ૩૦૦૩૬૪ / ૨૦૧૬

આંક :–

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુનો બન્યાની તારીખ | :– | ૭–૨–૨૦૧૬ |
| ૨. | ગુનો જાહેર કર્યા તારીખ | :– | ૭–૨–૨૦૧૬ |
| ૩. | ફરીયાદી | :– | શ્રી સરકાર |
| ૪. | આરોપીનું નામ ઉમર સરનામું | :– | દામોદરભાઈ શ્યામસુંદર ધૂત, ઉ.વ.આ.૫૩, રહે. બી/૫, માનવ ડુપ્લેક્ષ, સ્વસ્તીક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ. |
| ૫. | ગુનાની વિગત | :– | ધી ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ. |

પ્રશ્નઃ– તમોને ફરીયાદ સાથેના તમામ પેપર્સની નકલો મળેલ છે?

જવાબઃ– જી હાં.

પ્રશ્નઃ– તમને ફરીયાદનો સાંરાશ વાંચી સંભળાવવામાં આવેલ છે, તમે ફરીયાદમાં જણાવ્યા મુજબ અને તમારી સામેના આંક–૧ ના ચાર્જશીટ મુજબનો ગુનો કરેલ છે, તમને ગુનો કબુલ છે કે તમારે બચાવ કરવો છે?

જવાબઃ– મને ગુનો કબુલ છે. મને દયા રાખી હળવી સજા કરવા વિનંતી.

મારા રૂબરૂ

તારીખ :– ૯/૪/૨૦૧૯

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી. ચીફ મેટ્રો. મેજી.,કોર્ટ નં.૩,
અમદાવાદ.

<u>ફો.કે.નં. ૩૦૦૩૬૪ / ૨૦૧૬ નું સાંધણ :–</u>

(૧) આ કામના આરોપી સામે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપી હાજર થતા તેને પોલીસ તપાસના તમામ કાગળો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસ પણ આપેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાય છે. સબબ કબુલાતના આધારે આરોપીને તેની સામેના આક્ષેપીત ગુના સબબ કસુરવાન ઠરાવવામાં આવે છે.આરોપી પ્રથમ ગુનો હોય ગુનાનો પશતાવો જાહેર કરી હળવી સજા કરવા વિનંતી કરે છે. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર તથા સજાનું પ્રમાણ ધ્યાનમાં લેતા આરોપીની પ્રથમ ગુનાની હકીકત ધ્યાને લેતા આરોપીને સુધરવાની તક આપવા સોસાયટીના હીત ખાતર અને નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**"<u>હુ ક મ</u>"**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ ધી ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) ના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૧૫૦૦/– અંકેરૂપિયા એક હજાર પાંચસો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમની નકલ તાત્કાલિક વિના મુલ્યે આરોપીને આપવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૯/૦૪/૨૦૧૯
અમદાવાદ

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૨.